GJMR010005182026

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૨–૦૩–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૦૨–૦૩–૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૧૬–૦૩–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | |

**મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને અધિક સેશન્સ જજશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, મોરબી.**

**ફો.પ.અ.નં. ૨૫૮/૨૦૨૬**
**આંક**

**જયસુખ ઉર્ફે જયેશ ટપુભાઇ જાદવ,**
ઉ.વ.૨૪, ધંધો: મજુરી,
રહે. ઉગમણા નાકા, વણકરવાસ,
ટંકારા જી.મોરબી.
હાલે સબ જેલ મોરબી.

**અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી.

**સામાવાળા**

---

**બાબત :– મોરબી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૩૭૫/૨૦૨૪ (પોકસો કેસ નં. ૩૦/૨૦૨૪) ઇ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬,૩૬૭(૨), (જે) (એન), ૩૭૬(૩) તથા પોકસો એકટ કલમ–૫ (એલ), ૬ ના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

---

**વકીલશ્રીઓ :– અરજદાર તરફે વિ.વ.શ્રી એફ.જે.ઓઝા**
**સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી એન.ડી.કારીયા**

---

**-: ઠરાવ :-**

૧. આ કામના અરજદાર/આરોપીએ હાલની અરજી પોકસો કેસ નં. ૩૦/૨૦૨૪ ના કામે બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ હેઠળ વોરંટના કામે રેગ્યુલર જામીન મેળવવા માટે કરેલ છે.

૨. અરજદાર/આરોપીની જામીન રજુ થતા આ કામે સામાવાળા/સરકારશ્રીને નોટીસ કાઢવામા આવતા સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી. એન.ડી.કારીયા પોલીસ તપાસના કાગળો સાથે હાજર રહેલ છે. તેમજ તપાસનીસ અમલદારે અરજદાર આરોપીની વિરુધ્ધનુ આંક-૦૫ થી સોગંદનામુ રજુ કરેલ છે. જે વંચાણે લીધા.

૩. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી (જન્મ તા.૦૫/૦૧/૨૦૧૦) ઉ.વ.૧૪ વર્ષ, ૩ માસ, ૧૯ દિવસ વાળીને આ કામના આરોપીએ લલચાવી ફોસલાવી બદકામ તેમજ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી ભગાડી જઈ અપહરણ કરી લઈ જતા ગુનો કરેલ છે. જેથી હાલના અરજદાર/આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨), (જે), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ-૫(એલ),૬ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

૪. અરજદાર/આરોપી તરફે તેઓના વિ. વ. શ્રી નાઓએ મારી સમક્ષ પોતાની વિદ્વતા ભરી દલીલો કરી એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ઈ.પી.કો.કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨), (જે), ૩૭૬(૩) તથા પોકસો એકટની

કલમ–૫(એલ),૬ મુજબ ના ગુનાના આક્ષેપો છે. વધુમાં રજુઆત કરેલ છે કે,સદરહુ કેસ નામ.સેશન્સ કેસ નં.૩૦/૨૦૨૪ ના કામે આરોપી છેલ્લા ઘણા વખતથી હાજર રહેતા ન હોય તથા આરોપીના જામીન પણ મળી આવતા ન હોય નામ.કોર્ટ ધ્વારા પકડ વોરંટ તા.૨૨/૧/૨૦૨૬ ના રોજ ઈસ્યુ કરવામા આવેલ અને ત્યારબાદ આરોપી/અરજદારને તા.૨૫/૨/૨૦૨૬ ના રોજ નામદાર કોર્ટમા રજુ કરવામા આવેલ છે અને આરોપીને જયુડી. કસ્ટડીમા લેવામા આવેલ છે. આરોપી તરફે રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામે ખોટો કેસ ફરેલ છે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા ઈસમ છે. વર્ષોથી અરજીમાં જણાવેલ સરનામે રહેતા આવેલ છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલના અંત સુધી અરજદાર/આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવે તો, તેમને પ્રી ટ્રાયલ પર્નીશમેન્ટ થાય તેમ છે તેમજ તેઓ તેમની સામેના કેસમાં પોતાનો યોગ્ય બચાવ ફરી શકશે નહિ. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો અદાલત ફરમાવશે તેવી સખતમાં સખત શરતોનું અરજદાર/આરોપી પાલન કરશે. નામદાર કોર્ટની ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેશે. આથી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન, યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા નમ્રતા પૂર્વક માંગણી કરેલ છે.

**૫.** આ કામે સરકારશ્રી તરફે વિ. એડી. પી.પી. શ્રી એન.ડી.કારીયાનાઓએ અરજદાર/આરોપીની અરજીનો સખ્ત વિરોધ કરેલ છે અને પોતાની વિધ્વતાભરી દલીલોમાં જણાવેલ છે કે, આ કામે આરોપી વિરૂધ્ધ સબળ અને મહત્વના પુરાવા છે. અરજદાર/આરોપી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોય જો

અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, ફરીથી આ જ પ્રકારે ગુના આચરશે તેમજ ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકી, લોભ-લાલચ આપી, ડરાવી ધમકાવી ફોડવા પ્ર ત્યનો કરી ફરીયાદપક્ષનાકેસને નુકશાન પહોંચાડશે. તેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી રદ ફરમાવવા વિનંતી કરેલ છે. તેમજ ત. ક. અમલદાર દવારા રજુ કરવામાં આવેલ સોગંદનામાં મુજબની રજુઆતો કરી અરજદાર/આરોપીની જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૬. ફોજદારી કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ ખાસ કરીને બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૩ હેઠળ નિયમીત જામીન મેળવવા અંગેની અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે પોતાની વિવેકબુધ્ધીનો ઉપયોગ કરતી વખતે આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ?, આરોપી પુરાવાનો નાશ કરી શકે છે કે કેમ? તથા આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે કે કેમ? તે હકીકતો જોવાની હોય છે. સામાન્ય રીતે ફાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત પ્રમાણે "જામીન તે નિયમ અને જેલ તે અપવાદ.'' જો કે, દરેક કેસની હકીકતો અને સંજોગો અલગ અલગ હોય છે.

૭. બન્ને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની વિધ્વતાભરી દલીલો સાંભળી, અરજી સાથે રજુ થયેલ કેસ પેપર્સ તથા તપાશનીશ અધિકારીનુ સોગંદનામું વંચાણે લેવામાં આવેલ છે. હાલના કામે અરજદાર/આરોપી વિરુધ્ધના આક્ષેપો ધ્યાને લેતા,આ કામના અરજદાર સામે હાલની ફરીયાદ ...બાદ અરજદારને નામદાર હાઇકોર્ટે જામીન પર છોડવાનો હુકમ કરેલ છે જે હુકમ ધ્યાને લેતા શરતોમા એવુ સ્પષ્ટપણે જણાવેલ છે કે અરજદાર નીચેની કોર્ટની ટ્ાયલ પુરી થયા સુધી તેના સરનામામા કોઇ પ્રોપર પરમીશન

લીધા વગર ફેરફાર કરશે નહી તેમજ દરેક મુદતે હાજર રહેશે.

હાલના કેશનુ રેકર્ડ વંચાણે લેતા આંક–૦૯ થી તા.૩૧–૭–૨૦૨૫ ના રોજ આરોપી સામે તહોમતનામુ કરવામા આવેલ છે અને આ કામે ફરીયાદી તથા સાહેદને સમન્સ હુકમ કરવામા આવેલ છે. તા.૧૬–૧૦–૨૦૨૫ ના રોજ ફરીયાદી તથા ભોગબબનાર સાહેદ હાજર હતા તે દિવસે આરોપીનો પોકાર કરતા આરોપી શરુઆતમા હાજર રહેલ પરંતુ આ કેસમા ફરીયાદીની જુબાની લેવા માટે સાહેદને ફરીયાદ પક્ષે બોલાવતા આરોપી હાજર ન હોવાનુ તા.૧૬–૧૦–૨૦૨૫ ના પો્સીડીંગમા સ્પષ્ટપણે જણાવેલ છે એટલે કે સાહેદ હાજર થતા આરોપી કોર્ટમાથી ચાલ્યા ગયેલ છે.

ત્યારબાદ આ કામે પાંચ મુદત પડેલ છે તથા આરોપી તથા આરોપીના જામીનદારને બીન જામીનપાત્ર વોરંટ કાઢવા છતા આરોપી મળી આવેલ નથી. આરોપીના જામીનદાર પણ મળી આવેલ નથી. તેમજ જામીનદારને નોટીસ બજેલ હોવા છતા નામદાર કોર્ટમા હાજર રહેલ નહી.

આ કામમા વોરંટ બજવણી કરવા જતા અધીકારીએ દરેક વખતે આરોપીના પિતાશ્રી ટપુભાઇ જાદવનો જવાબ લેવામા આવેલ છે. અને આ જવાબમા તેઓએ એવુ સ્પષ્ટપણે જણાવેલ છે કે જયસુખ મારો દીકરો છે અને અમદાવાદમા કામ કરવા ચાલ્યો ગયેલ છે અને અમદાવાદમા કઇ જગ્યાએ કામ કરે છે તેની મને ખબર નથી.

ઉપરોકત તમામ કેસ નં.૩૦/૨૦૨૪ ના કામે રેકર્ડ વંચાણે લેતા આ કામના આરોપી ફરીયાદી અને ભોગ બનનાર સાહેદ

કોર્ટમા હાજર થયા બાદ ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાના તબકકે આરોપી કોર્ટમાથી ચાલ્યા ગયેલ છે અને નામદાર હાઇકોર્ટે જણાવેલ શરતોનુ ઉલંઘન કરેલ છે અને આરોપી તથા તેમના પિતા આ કામની ન્યાયીક કાર્યવાહી આગળ ન શકે તે એક માત્ર કારણસર કોર્ટમા હાજર રહેતા ન હોય અત્રેની કોર્ટ આરોપીની જયુડી. કસ્ટડીમા લીધેલ છે. વધુમા આરોપી ઇ.પી.કો.કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨), (જે), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૫(એલ),૬ ના ગંભીર ગુનાનો આક્ષેપ છે. અને આ કામે સને–૨૦૨૪ ની શરુઆતથી પેન્ડીંગ છે. તે સાથે આરોપીને નામદાર હાઇકોર્ટે જામીન મુકત કરેલ છે. તે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીની જામીન અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

૧. અરજદાર/આરોપીની હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૨૫૮/૨૦૨૬ **મંજુર** કરવામાં આવે છે. અરજદાર/આરોપી જયસુખ ઉર્ફે જયેશ ટપુભાઈ જાદવ, ઉ. વ.૨૪,ધંધો–મજુરી રહે. ઉગમણા નાકા વણકર વાસ ગામ ટંકારા જી.મોરબી. હાલ. જયુડીશ્યલ કસ્ટડી (સબ જેલ મોરબી) નાઓની ઈ.પી.કો.કલમ : ૩૬૩, ૩૬૬, 399 (2), (જે), ૩૭૬ (૩) તથા પોકસો એકટની કલમ–૫(એલ),૬ પોકસો કેસ નં. ૩૦/૨૦૨૪ ના કામે અરજદાર/આરોપીએ રૂ.૨૦,૦૦૦–૦૦(અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના બેજામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

**(૧)** અરજદાર/આરોપીએ દર મુદતે અત્રેની અદાલત સમક્ષ હાજર રહી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા સંપુર્ણપણે સાથે સહકાર આપવાનો રહેશે.

**(૨)** અરજદાર/આરોપીએ આવા અથવા તો અન્ય કોઈ પણ પ્રકારના ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાવું નહીં.

**(૩)** અરજદાર/આરોપીએ પોતાના કાયમી રહેઠાણના સરનામાનો પુરાવો અને મોબાઈલ નંબર સંબંધીત પોલીસ સ્ટેશન તેમજ અત્રેની કોર્ટ સમક્ષ સોગંદનામા પર રજુ કરવા.

**(૪)** અરજદાર/આરોપીએ આ અદાલતની પૂર્વ પરવાનગી વીના મોરબી જીલ્લાની હદ છોડવી નહિ.

**(૫)** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં તેઓ વિરૂધ્ધ પુરાવા ન આપે, તે માટે ધાક-ધમકી,લાલચ, દબાણ કે પ્રલોભન આપવા નહિ, તે અન્ય કોઈ પણ રીતે ફરીયાદપક્ષના સાહેદોને ફોડવા નહિં.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપી ભંગ કરશે તો, જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.
- આ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તારીખ : ૧૬, માહે : માર્ચ, સને - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- મોરબી
તા. ૧૬/૦૩/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડયા)**
સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને
એડીશ્નલ સેશન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

//NMK//